ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧
ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org વેબ-kskvkachchhuniversity.org

ક.યુ./ઇ.સી./મિનિટસ/૨૬મી માર્ચ/૨૦૧૮/ 2245 તા.૩૧/૦૩/૨૦૧૮

પ્રતિ,
તમામ એકિઝકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય : ગત તા.૨૬/૦૩/૨૦૧૮ના રોજની એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૨૬/૦૩/૨૦૧૮ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એકિઝકયુટીવ કાઉન્સીલની સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

કુલસચિવ
**કચ્છ યુનિવર્સિટી**

બિડાણ:– એકિઝકયુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાના:– માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

## તા.૨૭મી માર્ચ–૨૦૧૮ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તારીખ તા.૨૭મી માર્ચ–૨૦૧૮ ના રોજ મંગળવારે સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.પી.એસ.હિરાણી,<br>ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી અજય ગઢવી,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી શ્રવણસિંહ વાઘેલા,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એસ.જી.ધર્માણી,<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | |
|---|---|---|
| ડો. એમ.જી.ઠક્કર.<br>પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. કે.એમ.ત્રિવેદી<br>રીડર, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી પ્રવિણભાઇ પીડોરીયા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| શ્રી અરૂણભાઇ ભીન્ડે<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ડો.ડી.એમ.બકરાણીયા,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## –મુદાઓ –

૧. તા.૧૬/૦૩/૨૦૧૮ ની એકિઝકયુટીવ કાઉન્સીલની સભાની મિનિટસનું વાંચન અને બહાલી.
(નોંધઃ– ગત તારીખ તા.૧૬/૦૩/૨૦૧૮ની સભાની મિનિટસ નોંધનું વાંચન અને બહાલી બાબત.)

ઠરાવઃ– ૧. તા.૧૬/૦૩/૨૦૧૮ રોજની ગત સભાની મિનિટસના વાંચન બાદ ઠરાવ ક્રમ–૨૦માં નીચે મુજબ સુધારા–વધારા બાદ બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧. ઉપરોક્ત વિગતના તા.૨૨/૧૨/૨૦૧૭ની એકિઝકયુટીવ કાઉન્સીલના સભાના ઠરાવ નં.૩ ને રદ કરવો.

૨. તા.૦૧/૦૪/૨૦૧૮ થી ઇ.પી.એફ.ની કપાત કરી (માર્ચ–પેઇડ, પે ઇન એપ્રિલ મુજબ) રકમ જમાં કરાવવી

૩. તા.૦૧/૦૪/૨૦૧૮ પૂર્વેની કર્મચારીઓની ઇ.પી.એફ.ની કપાત હાલ ન કરવી.

૪. ભવિષ્યમાં થનાર ઇ.પી.એફ. કપાત અને કર્મચારીના અન્ય લાભ માટેનું નાણાંકિય આયોજન ગોઠવવું.

૫. ઇ.પી.એફ.ના નિયમાનુસાર રૂપિયા ૧૫૦૦૦/– ના સ્લેબ મુજબ દરેક કર્મચારીના ઇ.પી.એફ.ની કપાત કરવી.

૬. ઇ.પી.એફ. કપાત અને જમાં કરવાની કામગીરી માટે ઇ.સી.ના સર્વ સભ્યશ્રીઓએ ચર્ચા વિચારણાના અંતે કન્સલટન્ટ શ્રી રોહિત ગોર મારફતે કાર્યવાહી કરાવવાનું નકિક કરવામાં આવ્યું.

૨. કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે વર્તમાન ઉપયોગમાં લેવાતાં યુટીલીટી સેન્ટર અને નવનિર્મિત સ્ટાફ કવાટર્સ, બેંક બિલ્ડીગ વગેરેના વીજ જોડાણ બાબત.

**ઠરાવઃ– ૨.** **કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે વર્તમાન ઉપયોગમાં લેવાતાં યુટીલીટી સેન્ટર અને નવનિર્મિત સ્ટાફ કવાટર્સ, બેંક બિલ્ડીગ વગેરેના વીજ જોડાણ મેળવવા પીજીવીસીએલમાં રજુઆત કરવી અને જો અલગ મીટર ના મળે તો યુનિવર્સિટીના મુખ્ય મીટરમાંથી પ્રત્યેકનું અલગ સબ–મીટર મુકવું. આ સબ–મીટરમાં થયેલ વપરાશ અન્વયે પીજીવીસીએલના જે–તે સમયે પ્રર્વતમાન દરોએ યુટીલીટી સેન્ટર અને બેંકનું વ્યવસાયિક દરે અને સ્ટાફ કવાટર્સ નું રહેણાંકના દરે એનર્જી ચાર્જ વસુલવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. સ્પોટર્સ અને એન.એસ.એસ. કો–ઓર્ડિનેટરશ્રીના મહેનતાણાં નકિક કરવા બાબત.

**ઠરાવઃ– ૩.** **કચ્છ યુનિવર્સિટી ખાતે હાલમાં ફિઝીકલ એજ્યુકેશન ડાયરેકટરની જગ્યા ન હોય વહિવટી સરળતા ખાતર અને યુનિવર્સિટી સ્પોટર્સ અંગેની કામગીરી યુનિવર્સિટીના જે કર્મચારી દ્વારા જવાબદારી નિભાવવામાં આવતી હોય તે કર્મચારીને સ્પોટર્સ કામગીરી માટે માનદ ભથ્થું રૂા.૨૫૦૦/– પ્રતિ માસ ચુકવવા જ્યારે એન.એસ.એસ. કો–ઓર્ડિનેટર તરીકે એન.એસ.એસ.ની માર્ગદર્શિકામાં ભથ્થા કે મહેનતાણાંની ઉલ્લેખાયેલ જોગવાઇઓ રજુ કરવા અને ત્યારબાદ નિર્ણય કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. નાણાંકિય વર્ષ–૨૦૧૮–૧૯ માટે સી.એ.ની નિમણુંક કરવા બાબત.

**ઠરાવઃ– ૪.** **કચ્છ યુનિવર્સિટીના હિસાબો ઓડિટ કરવા અંગે સી.એ.ની નિમણુંક કરવામાં આવે છે. આ વર્ષની સમયાવધિ તા.૩૧/૦૩/૨૦૧૮ના રોજ પૂર્ણ થતી હોઇ આગામી નાણાંકીય વર્ષ–૨૦૧૮–૧૯ (૦૧/૦૪/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળો) માટે જે.એચ. એન્ડ એસોસીએટસની નિમણુંક કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. કચ્છ યુનિવર્સિટીની વિવિધ જરૂરીયાતો અને વિવિધ સેવાઓ મેળવવા અંગેના વર્ષ– ૨૦૧૮–૧૯ ના ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા બાબત.

**ઠરાવઃ– ૫.** **કચ્છ યુનિવર્સિટીની વિવિધ જરૂરીયાતો અને વિવિધ સેવાઓ મેળવવા અંગેના વર્ષ– ૨૦૧૮–૧૯ ના ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા તૈયાર કરેલ ટેન્ડરના મુસદાઓ અને તેની શરતો તમામ સભ્યશ્રીઓને ઇ–મેઇલ દ્વારા મોકલવી અને તે અંગેના સુધારા/વધારા દીન–૩ રજુ કરવા જણાવવામાં આવેલ. આ અંગે કોઇ રજુઆત ન આવતાં ટેન્ડરનો મુસદો અને દર્શાવેલ શરતોથી સત્વરે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા અને ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી વ્યવસ્થા અને સલામતીના ભાગરૂપે જરૂરીયાત મુજબ સેવાઓ મેળવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. કોર્ટ સભ્યશ્રીઓની એકિઝકયુટીવ કાઉન્સીલમાં સભ્યપદની મુદત પૂર્ણ થવા અને એકિઝકયુટીવ કાઉન્સીલ દ્વારા રચાયેલ સમિતિમાં સભ્યપદ અને અહેવાલ બાબત.

**ઠરાવઃ– ૬.** **કચ્છ યુનિવર્સિટીની બીજી કોર્ટની મુદત તા.૨૭/૦૩/૨૦૧૮ના રોજ મુદત પૂર્ણ થવાની હોઇ કોર્ટ સભ્યશ્રીઓ (૧) શ્રી શ્રવણસિહ વાઘેલા (૨) શ્રી**

અજય ગઢવી નો એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યપદનો અંત થતો હોઇ એક્ઝિક્યુટીવ કાઉન્સીલ દ્વારા રચાયેલ જુદી–જુદી સમિતિઓમાંથી તેઓશ્રીના સભ્યપદનો આપોઆપ અંત થતાં તેમના સ્થાને એક્ઝિક્યુટીવ કાઉન્સીલની જુદી–જુદી સમિતિઓમાં અન્ય સભ્યશ્રીઓની નિમણુંક બાબતે આગામી સભામાં નિર્ણય કરવા અને ઉપરોક્ત સભ્યશ્રીઓ જે સમિતિઓમાં સભ્યપદે હોય તે સમિતિના બાકી અહેવાલ સત્વરે રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૭. એસ.એસ.આઇ.પી. સાથેના પુનઃ એમ.ઓ.યુ. અને તેના અંતગર્ત થનાર ખર્ચની બહાલી બાબત.

ઠરાવઃ– ૭. ગુજરાત સરકારશ્રીના એસ.એસ.આઇ.પી. અંતગર્ત સરકારશ્રીના નાણાંકિય અનુદાન અને કચ્છ યુનિવર્સિટીના નાણાંકિય યોગદાનની રકમમાં ફેરફારની જરૂરીયાતને ધ્યાને લઇ પુનઃ એમ.ઓ.યુ. કરવામાં આવ્યું છે તે બહાલ રાખવા અને તે અંતગર્ત વખતો–વખત સરકારશ્રીમાંથી મળતાં નાણાંકિય અનુદાનના પ્રમાણમાં યુનિવર્સિટી દ્વારા ફાળવવામાં થતાં નાણાંકિય અનુદાનનો હિસ્સો ઉમેરી તે મુજબ ખર્ચ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૮. કચ્છ યુનિવર્સિટીની વિદ્યાર્થીની કુ.મહેતા વૈષ્ણવી દ્વારા એક સાથે મેળવેલ ડબલ ડીગ્રીની રજુઆત બાબત.

ઠરાવઃ– ૮. કચ્છ યુનિવર્સિટીની વિદ્યાર્થીની કું. મહેતા વૈષ્ણવી દ્વારા એક સાથે મેળવેલ ડબલ ડીગ્રી અંગેની રજુઆત પર ચર્ચા–વિચારણાને અંતે વિદ્યાર્થીનીની બેઝીક ડીગ્રી માન્ય રાખવી અને મેળવેલ અન્ય ડીગ્રી રદ કરવા, આ રદ ડીગ્રીનો ભૂતકાળમાં ઉપયોગ કરેલ નથી અને જો કરેલ હોય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી કું. મહેતા વૈષ્ણવી ની રહેશે તે અંગેનું સોગંદનામું લઇ તે ડીગ્રી યુનિવર્સિટી ખાતે જમાં લઇ લેવી. આ મુજબના અન્ય કોઇપણ ડબલ ડીગ્રી વાળા કિસ્સાઓ ભવિષ્યમાં ધ્યાને આવે તો બેઝીક ડીગ્રી માન્ય રાખી અન્ય ડીગ્રી ઉપરોક્ત પ્રક્રિયાથી યુનિવર્સિટી ખાતે જમાં લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૯. તા.૨૦/૦૩/૨૦૧૮ ના રોજ યોજાયેલ કોર્ટ સભાના આયોજનમાં થયેલ ખર્ચ બાબત.

ઠરાવઃ–૯. તા.૧૬/૦૩/૨૦૧૮ ના રોજની ઇ.સી.ની સભામાં તા.૨૦/૦૩/૨૦૧૮ના રોજની કોર્ટ સભા માટે સભ્યશ્રીઓને આપવાની થતી કીટ મંજુર કરવામાં આવેલ. આ મંજુર કરાયેલ કીટ અને ભોજન તેમજ અન્ય ખર્ચ મળી અંદાજિત કુલ ખર્ચ રૂા. ૧૧૧૦૦૦/–નો કોર્ટ સભાના આયોજનનો ખર્ચ થયેલ છે જે બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૦. કચ્છ યુનિવર્સિટીના વિકાસ કામો અંતગર્ત જરૂરીયાત જણાય તો સ્થાનિક તાંત્રિક સલાહકારની માનદ સેવાઓ લેવા બાબત.

ઠરાવઃ–૧૦. કચ્છ યુનિવર્સિટીના વિકાસ કામો અંતગર્ત હાલમાં ચાલી રહેલ વિવિધ કામો અન્વયે તાંત્રિક સલાહકારની જરૂરીયાત બાબતે સભ્યશ્રી શ્રવણસિહ વાઘેલાએ કરેલ રજુઆતને ધ્યાને લેતાં તેઓશ્રી દ્વારા સુચવેલ સ્થાનિકે ફરજ બજાવતાં શ્રી મુકેશભાઇ જોષી, અધિક મદદનીશ ઇજનેરશ્રી,

સિંચાઇ વર્તુળ, ભુજ–કચ્છએ આપેલ સહમતીથી જરૂરીયાત જણાય તો તેઓશ્રીની નિશુલ્ક માનદ સેવાઓ લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૧. સ્પોટર્સ કોમ્પ્લેક્ષ અને રમત–મેદાનોના ભાવિ આયોજન બાબત.

**ઠરાવઃ– ૧૧.** સ્પોટર્સ કોમ્પ્લેક્ષ અને રમત–ગમતના મેદાન માટે વર્તમાનમાં ચાલતાં કામો અને ભવિષ્યમાં થનાર આયોજન અંગે સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત સાથે વિચાર–વિમર્શ અને પરામર્શ કરવાની જવાબદારી સભ્યશ્રી પ્રવિણભાઇ પિંડોરીયાને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૨. કચ્છ યુનિવર્સિટીની ડાયરી અને વાર્ષિક અહેવાલ છપાવવાના ખર્ચ બાબત.

**ઠરાવઃ– ૧૨.** કચ્છ યુનિવર્સિટીની ડાયરી અને વાર્ષિક અહેવાલ છપાવવા અંગે તા.૨૨/૧૨/૨૦૧૭ ના રોજની ઇ.સી.ની સભાના ઠરાવ ક્રમ–૭ મળેલી મંજુરી અન્વયે કાર્યવાહીને અંતે ક્રિસ્ટલ ફોર્મ્સ પ્રા.લી., અમદાવાદ મારફતે ડાયરી છપાવવાનો કુલ ખર્ચ રૂા.૧૨૦૯૬૦/– તથા આદર્શ પ્રિન્ટીગ પ્રેસ, ભુજ મારફતે વાર્ષિક અહેવાલ છપાવવાનો કુલ ખર્ચ રૂા.૧૨૦૧૨૦/– નો ખર્ચ થયેલ છે. જેની પ્રક્રિયા અને થયેલ ખર્ચની રકમને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં કોર્ટ સભ્યશ્રીઓના એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યપદનો અંત આવતાં તેઓશ્રીના કાર્યકાળ દરમ્યાન મળેલ સાથ–સહકાર અન્વયે આભાર પ્રદર્શીત કરી, શુભેચ્છાઓ પાઠવી અને અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

આપનો વિશ્વાસુ

કુલસચિવ(ઇ.ચા.)

નકલ સવિનય રવાનાઃ– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.